# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) ભારત-પાકિસ્તાન અંકુશ રેખા પર તણાવઃ પાકિસ્તાને અનેક સ્થળોએ યુધ્ધવિરામનો ભંગ કર્યો
2) લશ્કરના વડા ઉપેન્દ્ર દ્વિવેદી સલામતીની સ્થિતિની સમીક્ષા કરવા શ્રીનગર પહોંચ્યા
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે વેટિકન સિટી જવા રવાના
4) સરહદ પર તંગિદિલીને પગલે શેરબજાર સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી વધુનો ઘટાડો
5) IPL, માં આજે ચેન્નાઇ સુપર કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મુકાબલો

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BANDIPORA ENCOUNTER (EARLY)

કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદી હૂમલા બાદ ભારત-પાકિસ્તાન સરહદ પર તણાવની સ્થિતિ છે. કુપવાડા જિલ્લામાં અંકુશ રેખા પર નોગામ વિસ્તારમાં પાકિસ્તાન લશ્કર દ્વારા યુધ્ધવિરામ ભંગ કરવામાં આવ્યો. જમ્મુ વિસ્તારના રાજોરી અને પુંચ વિસ્તારમાં પણ યુધ્ધવિરામ ભંગનાં બનાવો બન્યા છે.

પાકિસ્તાનના લશ્કર દ્વારા અંકુશ રેખા પર નાના શસ્ત્રોથી ગોળીબાર કરાતા ભારતે મજબૂત પ્રતિસાદ આપ્યો હતો. ભારતીય લશ્કરે જણાવ્યું હતું કે, લશ્કરે અસરકારક રીતે જવાબ આપ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

દરમિયાન, બાંદીપોરા જિલ્લાના બાજીપુરા કુલનાર જંગલ વિસ્તારમાં આતંકવાદીઓને પકડવા સલામતી દળો અને જમ્મુ કાશ્મીર પોલિસની ટુકડીએ ઘેરાબંદી મજબૂત કરી છે.

બાંદીપોરામાં આજે વહેલી સવારે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર થયો હતો. અત્યાર સુધી આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

. . . . . . . . . . . . . . .

# ARMY CHIEF VISIT J & K

પહેલગામ આતંકવાદી હુમલાને પગલે સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે લશ્કરી વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી શ્રીનગર પહોંચ્યા છે.

લશ્કરી વડાને સ્થાનિક લશ્કરી કમાન્ડરો ખીણમાં અને નિયંત્રણ રેખા નજીક આતંકવાદ વિરોધી પગલાં વિશે માહિતી આપશે. આ મુલાકાત દરમિયાન 15મા કોર્પ્સ કમાન્ડર અને રાષ્ટ્રીય રાઇફલ કમાન્ડર પણ હાજર રહેશે. શ્રી દ્વિવેદી હુમલાનાં ઘટનાસ્થળ બૈસરામ ગામની મુલાકાત લે તેવી પણ સંભાવના છે.

દરમિયાન, લોકસભામાં વિરોધ પક્ષનાં નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પણ આજે શ્રીનગરની મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . .

# DELHI - TRADERS BANDH

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં રાજધાની દિલ્હીમાં મોટાં ભાગનાં બજારો આજે બંધ છે. ચાંદની ચોકથી લાલ કિલ્લા સુધી કૂચ યોજવામાં આવી રહી છે.

કોન્ફેડરેશન ઓફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સના સેક્રેટરી જનરલ અને દિલ્હી ભાજપના સાંસદ પ્રવીણ ખંડેલવાલે આ મુજબ જણાવ્યું...

**(Byte – Paveen Khandelwal)**

------------------------

# uk HIGH COMMISSION

લંડનમાં ભારતીય દૂતાવાસે પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રધ્ધાંજલિ પાઠવી હતી. ગઇ કાલે યોજાયેલા એક કાર્યક્રમમાં બ્રિટનના મંત્રી કેથિન વેસ્ટ, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ મુરુગન, બ્રિટનના સાંસદો તથા ભારતીય મૂળનાં લોકોએ આ ઘટનાને વખોડી કાઢી હતી.

. . . . . . . . . . . . . . . .

# POP FRANSIS

આવતીકાલે ખ્રિસ્તી ધર્મના પવિત્ર ધર્મગુરુ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કાર નિમિત્તે રાજકીય શોક રાખવામાં આવશે. સમગ્ર દેશમાં જ્યાં નિયમિતપણે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે, તે તમામ ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે અને કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમ નહીં યોજાય. ઉલ્લેખનીય છે કે ભારત સરકારે ધર્મગુરુ પોપ ફ્રાન્સિસના નિધન પર શ્રદ્ધાંજલિ રૂપે ત્રણ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો હતો.

---------------

# PREZ DEPARTURE VATICAN CITY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે વેટિકન સિટી જવા રવાના થયા છે. રાષ્ટ્રપતિ મુર્મુ વેટિકન સિટીની બે દિવસની મુલાકાતે રહેશે. તેમની સાથે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, લઘુમતી બાબતોના રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયન અને ગોવા વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર જોશુઆ ડિસોઝા પણ જોડાયા છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . . .

## SIKKIM- LANDSLUDE

**ઉત્તર સિક્કિમમાં રાત્રે મોટા પાયે ભૂસ્ખલનના અહેવાલ છે. આ વિસ્તારમાં સતત ભારે વરસાદ પડી રહ્યો છે જેના કારણે રોડ કનેક્ટિવિટી ખોરવાઈ ગઈ છે. ચુંગટાંગ તરફ જતો રસ્તો ખુલ્લો હોવા છતાં, ભારે**

વરસાદને કારણે રાત્રે મુસાફરી કરવી સલામત ન હોવાથી આજે ઉત્તર સિક્કિમ માટે પરમિટ આપવામાં નહી આવે.

અગાઉ જારી કરાયેલા તમામ પરમિટ રદ ગણવામાં આવશે. ઉત્તર સિક્કિમના મંગન જિલ્લાના પોલીસ અધિક્ષક સોનમ દેચુ ભૂટિયાએ પ્રતિકૂળ હવામાન અને ભૂસ્ખલનને કારણે રસ્તાઓ પર અવરોધને કારણે પરમિટ રદ કરવાની જાહેરાત કરી.

આ અંગે શ્રી ભૂટિયાએ વધુ માહિતી આપી...........

(Byte – Mangan DM)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## Markets

કાશ્મીરમાં આતંકવાદી હૂમલાને પગલે ભારત-પાકિસ્તાન સરહદ પર અંકુશ રેખા પર તંગદિલી વધતા ભારતીય શેરબજારો આજે સતત બીજા દિવસે ઘટ્યા છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે, મુંબઇ શેરબજારના સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં સવા ટકાથી વધારાનો ઘટાડો નોંધાયો છે.

. . . . . . . . . . . . . . .

## IPL

ઇન્ડિયન પ્રીમીયયર લીગ IPLમાં, આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો સનરાઇઝર્સ હૈદરાબાદ સામે થશે. આ મેચ ચેન્નાઈના એમ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. બંને ટીમો તેમની આઠ મેચમાંથી માત્ર બે જ મેચ જીતી હોવાથી પોઇન્ટ ટેબલમાં સૌથી નીચેનાં ક્રમે  છે.

ગઇકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે, રાજસ્થાન રોયલ્સને 11 રને હરાવ્યું રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે 20 ઓવરમાં પાંચ વિકેટે  205 રન બનાવ્યા હતા.  મેચમાં વિરાટ કોહલીએ સૌથી વધુ 70 રન બનાવ્યા

જવાબમાં રાજસ્થાન રોયલ્સ 9 વિકેટ ગુમાવીને 194 રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો. દરમિયાન 4 વિકેટ લેનાર જોશ હેઝલવુડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયાં

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## 2ND YOGASANA CHAMPIONSHIPS

આજથી નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમ ખાતે બીજી એશિયન યોગાસન ચેમ્પિયનશિપ શરૂ થશે

યોગાસન ભારત દ્વારા આયોજિત આ સ્પર્ધા 27 એપ્રિલ સુધી ચાલશે. 21 એશિયન દેશોના 170 થી વધુ રમતવીરો આ સ્પર્ધામાં ભાગ લેશે. આ કાર્યક્રમ યોગને વૈશ્વિક રમત તરીકે પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસોનો એક ભાગ છે. વિશ્વ યોગાસનના મહામંત્રી ડૉ. જયદીપ આર્યએ

જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાપિત કર્યો છે અને હવે તેને રમતનો દરજ્જો મળ્યો છે.

યોગાસન ભારતના પ્રમુખ ઉદિત સેઠે જણાવ્યું હતું કે યોગનો અર્થ પોતાની જાત સાથે જોડાવાનો છે અને યોગ વ્યક્તિના જીવનને સંતુલિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## EGYPT-ITALY BILATERAL

ઇજિપ્તના રાષ્ટ્રપ્રમુખ અબ્દેલ ફત્તાહ અલ-સીસી, ઇટાલીના વિદેશ મંત્રી એન્ટોનિયો તાજાનીને મળ્યા તેમજ દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી.

રાષ્ટ્રપ્રમુખના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ચર્ચાઓ ખાસ કરીને અર્થતંત્ર, વેપાર અને રોકાણ જેવા મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી. બેઠકમાં ગેરકાયદેસર સ્થળાંતર રોકવા માટેના સહયોગની પણ ચર્ચા કરવામાં આવી. બંને દેશોએ ગાઝાની પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી. ઇજિપ્તે યુદ્ધવિરામ, બંધકો અને અટકાયતીઓના વિનિમયને સરળ બનાવવા અને માનવતાવાદી સહાય પહોંચાડવાની ખાતરી માટેની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ESIC

કેન્દ્રીય શ્રમ મંત્રાલયે કહ્યું છે કે આ વર્ષે ફેબ્રુઆરીમાં કર્મચારી ભવિષ્ય નિધી યોજના-ESIC હેઠળ 15 લાખ 43 હજાર નવા કામદારોની નોંધણી કરવામાં આવી છે. મંત્રાલયે જણાવ્યું કે, કુલ કર્મચારીઓમાંથી 7.36 લાખ કર્મચારીઓ 25 વર્ષ સુધીની વય જૂથના છે. ESICના કામચલાઉ આંકડા દર્શાવે છે કે ફેબ્રુઆરી મહિનામાં 23 હજારથી વધુ નવી ESI યોજનાના સામાજિક સુરક્ષાના દાયરામાં લાવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .